R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અંક ૪૦ : ૧૯

નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

YEAR-29 • ISSUE: 12 DATE: 21-03-2020• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

મોર્ગન સ્ટેનલી-ગોલ્ડમેન દ્વારા વૈશ્વિક મંદીની આગાહી : આર્થિક બાબતો પર ધ્યાન આપવાની ચેતવણી

કોરોના વાઈરસના ચેપનો ફેલાવો વિશ્વના ૧૬૫ દેશોમાં થયા બાદ આ ચેપથી બચવા માટે સરકારો લોકડાઉન કરાવી રહી છે ત્યારે મોર્ગન સ્ટેનલી અને ગોલ્ડમેન સાક્સના અર્થશાસ્ત્રીઓ કહી રહ્યા છે કે વૈશ્વિક મંદીના ભણકારા વાગી રહ્યા છે.૨૦૦૮માં આવેલી નાણાંકીય કટોકટી બાદ ફરી એવી જ અને કદાચ એના કરતાં ભયાનક મંદીના ભણકારા વાગી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં લોકોએ ખર્ચાઓ પર કાપ મુકવા અને આર્થિક બાબતો પર ધ્યાન આપવાનો સમય છે. એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સે ભારતના ૨૦૦૨૦ના આર્થિક વિકાસનું ફોરકાસ્ટ ૫.૨ ટકા કર્યુ હતું. એણે જણાવ્યુ હતું કે વૈશ્વિક ઈકોનોમી કોરોના વાઈરસ મહામારીના કારણે મંદી તરફ આગળ વધી રહી છે.અગાઉ એજન્સીએ વિકાસ દર ૫.૭ ટકા રહેશે એવું અનુમાન વ્યક્ત કર્યુ હતું. રેટિંગ એજન્સીએ ટીનના વિકાસદર અગાઉના ૪.૮ટકાથી ઘટાડીને ૨.૯ ટકા અને જાપાનનો વિકાસ દર માઈનસ ૦.૪ ટકાથી ઘટાડીને માઈનસ ૧.૨ ટકા કર્યો છે.

ચીનમાંથી આ વાઈરસ દુનિયાભરમાં ફેલાયો છે અને હવે એક તરફ યુરોપ એનું એપીસેન્ટર બન્યુ છે. અને અમેરિકામાં પણ ૧૦૦થી વધારે લોકોના મૃત્યુ થયા છે.ત્યારે અર્થશાસ્ત્રીઓ જણાવી રહ્યા છે કે ચીને એના અર્થતંત્રને જે નુકશાન વિચાર્યુ હતું એના કરતાં બમણુ નુકશાન થયું છે.

ચેતન આહ્યા હેઠળની મોર્ગન સ્ટેનલી ટીમનું માનવુ છે કે વૈશ્વિક મંદી આવી રહી છે અને વિકાસનો દર ૦.૯ ટકા જેટલો ઘટવાનું અનુમાન છે.ગોલ્ડમેન સાક્સે જણાવ્યુ છે કે વિકાસદરમાં ૧.૨૫ ટકા ઘટાડાનું અનુમાન છે. સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર ગ્લોબલ પણ વિકાસદરમાં ૧ થી ૧.૫ ટકા ઘટાડાનું અનુમાન વ્યક્ત કર્યુ છે.

બ્લુમબર્ગના અર્થશાસ્ત્રીઓના કહેવા મુજબ ચીનનો વિકાસદર ૫.૨ ધારવામાં આવ્યો હતો પણ કોરોના વાઈરસને કારણે એ ઘટીને ૧.૪ ટકા રહેવાનું અનુમાન છે.વિવિધ દેશની ડેટા પણ જણાવી રહી છે કે ઈન્વેસ્ટરોનો ભરોસો ઉઠી રહ્યો છે.યુરોપિયન ડેટ કટોકટી વખતે જેવી પરિસ્થિતિ હતી એવી સ્થિતિ હાલમાં જર્મનીમાં છે.અમેરિકન જોબ ડેટાના આંકડા જાહેર થવાના છે. કોરોના વાઈરસને કારણે અમેરિકામાં નોકરીઓ જોખમમાં છે.ફેડરલ રિઝર્વ અને અનેક મધ્યસ્થ બેન્કો પણ નાણાંકીય નીતિઓ હળવી બનાવવાનો પ્રયાસ કરી રહી છે.પણ એનાથી ગભરાયેલા ઈન્વેસ્ટરોને રાહત થઈ નથી.

અર્થશાસ્ત્રીઓ જણાવી રહ્યા છે કે આજે વિશ્વભરમાં લોકડાઉન છે. સ્કુલો,કોલેજો બંધ છે. રેસ્ટોરાં અને મોલને બંધ કરાયા છે. જિમ્નેશીયમ અને સ્વિમીંગ પુલ બંધ છે. ચીનમાં અનેક પ્રાંતોમાં રો મટીરીયલ્સ બનાવતી કંપનીઓમાં તાળાબંધી છે. અને તેથી એના પર નભથી દુનિયાની અનેક ફેકટરીઓના તાળા લગાવવાનો વારો આવ્યો છે.

કોરોના વાઇરસથી વિશ્વભરમાં મહામારી : ૨૦૦ દેશોમાં ૨,૧૩,૭૩૫ કેસો પોઝીટીવ :કુલ મરણ ૮૭૧૮

સમગ્ર વિશ્વમાં મહામારીનું સ્વરુપ ધારણ કરી ચુકેલો કોરોના વાઈરસના કારણે અત્યાર સુધીમાં૮૭૧૮ માનવીઓનો ભોગ લેવાઈ ગયો છે.માત્ર ઈટાલીમાં કુલ મરણ ૨૯૭૮ થયા છે. વિશ્વના ૨૦૦ દેશોમાં વ્યાપક બનેલા આ વાઈરસના પોઝીટીવ કેસો ૨,૧૩,૭૩૫ નોધાયા છે. ચીન પછી અમેરિકા,યુરોપ,અને એશીયાના દેશોમાં તેની અસરો પહોચી છે.અમેરિકાના તમામ રાજ્યોમાં કોરોના વાઈરસે પોતાનો પરચો દેખાડ્યો છે.ચીન પછી વધુ અસરગ્રસ્ત ઈરાનમાં ૧૧૩૫ જેટલા લોકોના મોત થયા છે. કહેવામાં આવ્યુ છે કે જો નાગરિકો એકબીજા સાથેનો સંપર્ક ઓછો નહીં કરે તો પછી સ્થિતિ વધુ બગડતી જશે.પાડોશી દેશ પાકિસ્તાનમાં પણ કોરોના વાઈરસના પોઝીટીવ કેસો નોધાયા છે.તેમણે વિશ્વના દેશો પાસે મદદ માટે અપીલ કરી છે. ઓસ્ટ્રેલીયાએ પણ હ્યુમન બાયોસિક્યોરીટી ઈમર્જન્સી જાહેર કરી છે.

પુર્વ ચીફ જસ્ટીસ ગોગોઇએ ન્યાયપાલિકાના સિધ્ધાંત સાથે સમજુતી કરી લીધી : પુર્વ જસ્ટીસ કુરિયન જોસેફ

સુપ્રીમ કોર્ટના પુર્વ જસ્ટીસ કુરિયન જોસેફે પુર્વ ચીફ જસ્ટીસ રંજન ગોગોઈને રાજ્યસભા મોકલવાના મામલે સવાલો ઉઠાવ્યા છે. કુરિયન જોસેફે કહ્યુ હતું કે પુર્વ ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડીયા રંજન ગોગોઈએ ન્યાયપાલિકાની સ્વતંત્રતા,નિષ્પક્ષતાના સિધ્ધાંતોથી સમજુતી કરી છે. જસ્ટીસ રંજન ગોગોઈ, જસ્ટીસ જે. ચેલમેશ્વર, જસ્ટીસ કુરીયન જોસેફ,અને જસ્ટીસ મદન લોકુરે જાન્યુઆરી ૨૦૧૮માં તત્કાલિન ચીફ જસ્ટીસ દીપક મિશ્રા વિરુધ્ધ પ્રેસ ફોન્ફરન્સ કરીને કેટલીક વિશિષ્ટ બેન્ચોને મહત્વપુર્ણ કેસો મનમાનીને કરીને ફાળવાતા હોવાનો આરોપ લગાવ્યો હતો. પુર્વ જસ્ટીસ કુરીયન જોસેફે કહ્યુ કે મારા માનવા અનુસાર પુર્વ સીજેઆઈ દ્વારા રાજ્યસભાના સભ્ય તરીકેની નિયુક્તિને સ્વીકૃતિ આપીને ચોક્કસ રીતે ન્યાયપાલિકાની સ્વતંતર્તા પર સામાન્ય માનવીના વિશ્વાસને ડગાવી દીધો છે.જસ્ટીસ ગોગોઈ દ્વારા મીડીયામાં આવેલા નિવેદનને યાદ કરતાં જોસેફે આશ્ચર્ય વ્યક્ત કરીને કહ્યુ હતું કે પુર્વ ચીફ જસ્ટીસ ગોગોઈને રાજ્યસભાની નિયુક્તિને કેવી રીતે સ્વીકારી લીધી !

ન્યાયાલય-સંસદ વચ્ચે સબંધો સુધારવા બર્થ સ્વીકારી : સુપ્રીમ પુર્વ ચીફ જસ્ટીસ રંજન ગોગોઇ

સુપ્રીમ કોર્ટના પુર્વ ચીફ જસ્ટીસ રંજન ગોગોઈએ કહ્યુ હતું કે રાષ્ટ્રનિર્માણ માટે જરુરી ન્યાયાલય અને સંસદ વચ્ચેના સબંધો વધુ મજબુત થાય તે માટે તેમણે રાજ્યસભાની બર્થનો સ્વીકાર કર્યો છે.જો કે તેની સાથે ગોગોઈએ એમ પણ કહ્યુ હતું કે તેઓ આ અંગે રાજ્યસભામાં ઉમેદવારી પત્ર ભર્યા પછી જ વધુ બોલશે. તેમણે કહ્યુ હતું કે સંસદમાં મારી હાજરીથી હું ન્યાયાલય અંગે વધુ સ્પષ્ટતાપુર્વક મારા ખ્યાલો રજુ કરીને સાંસદોને તેનાથી માહિતગાર કરી શકીશ.ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પુર્વ ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડીયા રંજન ગોગોઈનું નામ રાજ્યસભા માટે નોમિનેટ કર્યુ તે પછી રાજકીય ગલિયારામાં ઉથલપાથલ મચી ગઈ છે. પત્રકારો સાથે વાતચીત દરમિયાન પુર્વ ચીફ જસ્ટીસ ગોગોઈએ આ મામલે નિવેદન આપતાં કહ્યુ કે મને એક વખત શપથ ગ્રહણ કરી લેવા દો ત્યારપછી હું તમને જણાવીશ કે તે રાજ્યસભાની સભ્યતા કેમ સ્વીકારી.ચીફ જસ્ટીસે કહ્યુ કે હું કદાચ કાલે દિલ્હી જઈશ.મને શપથ ગ્રહણ કરી લેવા દો .પછી હું વિસ્તારપુર્વક મીડીયા સમક્ષ જણાવીશ કે મે રાજ્યસભાનું સભ્યપદ શા માટે સ્વીકાર્યું. નોધનીય છે કે રંજન ગોગોઈ ૧૭ નવેમ્બર ૨૦૧૯ના રોજ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ તરીકે સેવામાંથી નિવૃત થયા હતા.

ચીફ જસ્ટીસ સેવા નિવૃત્ત થયા તે અગાઉ તેમની અધ્યક્ષતામાં બનેલી બેન્ચે અયોધ્યા ઉપરાંત કેટલાક મહત્વના કેસની સુનાવણી કરી ચુકાદો સંભળાવ્યો હતો. કોગ્રેસના વરિષ્ઠ નેતા કપિલ સિબ્બલે પુર્વ ચીફ જસ્ટીસ ગોગોઈને રાજ્યસભા માટે નામ મોકલવા માટે દાવો કર્યો હતો કે લોકો ગોગોઈને ન્યાયતંત્ર અને પોતાની ઈમાનદારી સાથે સમજુતી કરવા બદલ યાદ રાખશે.

કોરોના વાઇરસને કારણે આઇપીએલ સહિત અન્ય ટુર્નામેન્ટો રદ થઇ

કોરોના વાઈરસને કારણે ભારતીય ક્રિકેટ બોર્ડે હાલના તબક્કે તમામ પ્રકારની ક્રિકેટ ટુર્નામેન્ટો અટકાવી દીધી છે.ડોમેસ્ટીક ક્રિકેટ બંધ કરાયું છે. અને આઈપીએલ ને ૧૫ એપ્રિલ સુધી પાછી ઠેલાઈ છે. વિદેશોની ધરતી પર રમાઈ રહેલી ક્રિકેટ મેચો પણ કોરોના વાઈરસને લઈને અટકાવી દેવામાં આવી છે.આઈપીએલ અંગે કેટલાક વિકલ્પો રહેલા છે. એપ્રિલ સુધીમાં સ્થિતિ સુધરે તો ૬૦ મેચોની ટુર્નામેન્ટ યોજી શકાય તેમ છે. ટુર્નામેન્ટ યોજાય પરંતુ તેની મેચોની સંખ્યા ઘટાડી દેવામાં આવે.જો સદંતર ટુર્નામેન્ટો રદ કરવામાં આવશેતો ક્રિકેટ બોર્ડને ભારે નુકશાન જવાનો સંભવ રહેશે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

નવક્રાંતિ

વૈશ્વિક આર્થિક મંદીની શરુઆતમાં કોરોના વાઇરસનો પ્રકોપ ભડક્યો અને આપણી આર્થિક વ્યવસ્થા તો મુળે કથળેલી તો હતી તેમાં વધુ માર પડયો.આપણી આર્થિક મંદી માટે કહેવાયું હતું કે આઇસીયુમાં આવી ગઇ છે.પરંતુ હવે આઇસીયુમાં સ્થિતિ ગંભીર છે.કોરોનાના પડછાયાએ ચોમેરથી માર માર્યો છે. આયાત-નિકાસને મોટો ફટકો પડ્યો છે. રો મટીરીયલ્સની આયાત પર નભતા ઉદ્યોગો હવે ઓક્સીજન પર આવી ગયા છે. નિકાસો અટકી ગઇ છે.દેશમાં ચારે કોર જનજીવન થંભી જવા જેવું વાતાવરણ સર્જાઇ ગયું છે. હાલમાં તો શાળા-કોલેજો વિગેરે પખવાડિયા માટે બંધ કરી દેવાયા છે. રોજ બરોજ વધતા જતા મહામારીના કેસોથી સહુ કોઇ ભયના ઓછાર હેઠળ આવી ગયા છે. વિશ્વના મોટાભાગના દેશોમાં વાયરસ ફેલાઇ ગયો છે. અમેરિકાએ ઇમરજન્સી જાહેર કરવી પડી છે.

હજુ આપણા દેશમાં તેના ગંભીર પ્રત્યાઘાતો પડ્યા હોય તેમ લાગતું નથી. સરકારો અને રાજકારણ ભ્રષ્ટાચારથી ખદબદી રહ્યુ છે. પોતાની સત્તા કાયમ રાખવા માટે પ્રજાના પ્રતિનિધિઓ ઘેટા બકરાની માફક ખરીદાઇ રહ્યા છે.જડબેસલાક કિલ્લેબંધીમાં લોક પ્રતિનિધિઓને પુરી રાખવામાં આવી રહ્યા છે. આ લોકશાહીની ક્રુર મજાક નથી તો શું છે.દેશના મહત્વના સવાલો બાજુ પર મુકાઇ ગયા છે. શેરબજાર તુટી પડ્યું છે. ધંધા રોજગાર ડહોળાઇ ગયા છે.સામાન્ય માનવીને શું કરવું તેનું દિશાભાન નથી.

સમગ્ર વિશ્વમાં કોરોનાથી મોતની સંખ્યા ૭૧૦૦ને પાર કરી ગઇ છે. તો આ ચેપથી ગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૧,૮૨,૦૦ જેટલી થવા પામી છે.ભારતમાં તેનો ચેપ ઝડપથી ફેલાઇ રહ્યો છે. લોકોમાં જોઇએ તેટલી જાગૃતિ નથી.પરિણામે ચેપ ફેલાવો ઝડપથી શક્ય બન્યો છે. લોકો ચેપગ્રસ્ત હોવા છતાં બિમારીને છુપાવવા પ્રયત્ન કરી રહ્યા છે. પરિણામે બીજાને ચેપ લાગવાની સંભાવના વધી જાયછે.સરકાર પોતાનાથી બનતા પ્રયત્નો કરી રહી છે. પરંતુ લોકજાગૃતિ અનિવાર્ય છે.

મંતવ્ય

સરકારે સ્કુલો, કોલેજો,મલ્ટીપ્લસ,મોલ તેમજ રેલવે સ્ટેશનો પર ભીડ ઓછી કરવા માટે પ્રયત્નો કર્યા છે. કોરોના એટલી ઝડપથી ફેલાઇ રહ્યો છે કે જોત જોતામાં દેશમાં ૧૪૨ કેસોની સંખ્યા થઇ ગઇ છે. કોરોના વાઇરસને કારણે ભીડ એકઠી ના થાય માટે એક પગલાં રુપે રેલવે સત્તાવાળાઓએ પ્લેટફોર્મ ટીકીટના ચાર્જસ રુ. ૧૦થી વધારીને ૫૦ કરી દીધા છે.વેસ્ટર્ન રેલવેના છ ડિવીઝનો મુંબઇ,વડોદરા,અમદાવાદ, રતલામ,રાજકોટ,ભાવનગર દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે.આ ઝોનમાં ૨૫૦ જેટલા સ્ટેશનોને આવરી લેવાયા છે.રેલવે સત્તાવાળાઓએ ૮૫ જેટલી ટ્રેનો રદ કરી દીધી છે. વિદ્યાર્થીઓને પરિક્ષા ટાઇમે વેકેશન મળ્યું છે.કદાચ સ્કુલોમાં વિદ્યાર્થીઓને પરિક્ષા વગર ઉપર ચઢાવી દેવાનો મનસુબો દેખાઇ રહ્યો છે. મોટા ઉદ્યોગો જે ઉત્પાદન સાથે જોડાયેલા સિવાયનાને સરકારે ઘેર બેઠા કામ કરી શકે તેવી વ્યવસ્થાનું આયોજન કરવા જણાવ્યું છે.કોરોના પર ઝડપથી અંકુશ મેળવાય તે જરુરી છે.

મનોજ કે. પરમાર

જાહેર ખબરના ભાવ

આખુ પાન	રૂ.૧૦૫૦૦	અર્ધું પાન	રૂ.૫૦૦૦
૧/૪ પાન	રૂ.૨૫૦૦	૧/૮ પાન	રૂ.૧૦૦૦
વાર્ષિક પેનલ	રૂ.૭૨૦૦	માસિક પેનલ	રૂ.૧૦૦૦

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૫૩)

નંબર	શૈક્ષણીક લાયકાત	જન્મ તારીખ	માસિક આવક	મિશન	સ્થિતિ
૧૧૮	એમ.એસ.સી.એમબીએ,આઇટી(અમેરિકા)	૨૨-૧૧-૮૮	૧.૫૦ લાખ	આર.સી.	કુંવારા
૧૧૯	એમ.બી.એ.એચ.આર.આઇઇએલટીએસ	૨૦-૨-૯૫	-	આર.સી.	કુંવારા
૧૨૦	બીએ.પીજીડી કોમ્પ્યુ. (ન્યુઝીલેન્ડ)	૯-૮-૮૪	૧.૩૦ લાખ	આર.સી.	કુંવારા
૧૨૧	બીબીએ(આઇટી)એમએસડબલ્યુ.હોટલ (માલ્ટા)	૨૫-૭-૯૨	૧.૦૦ લાખ	આર.સી.	કુંવારા
૨૩	ડીપ્લોમાં બીઝ.એડીમ.(કેનેડા)ડીપ્લો.કોમ્પ્યુ.(લંડન) મીકેનીકલ એન્જી.	૧૩-૧૨-૮૧	૧.૦૦ લાખ	આર.સી.	છુટાછેડા
૨૪	બીએ. (કેનેડા. પી.આર)	૨૯-૬-૭૧	૫૦૦૦૦	મેથો.	છુટાછેડા
૨૫	એમબીએ (યુએસ.સીટીઝન)	૨૮-૧૧-૭૭	૪૦૦૦ ડોલર	સીએનઆઇ	છુટાછેડા
૫૫૧	બીસીએ	૧૮-૭-૯૪	૧૩૫૦૦	સીએનઆઇ	કુંવારા
૫૫૨	બીકોમ,બીએસસી નર્સીંગ	૧૦-૭-૮૫	૨૪૦૦૦	મેથો.	કુંવારા
૫૫૩	ડિપ્લોમાં એન્જીનીયર	૧૩-૧-૯૩	૭૫૦૦૦	આર.સી.	કુંવારા
૫૫૪	બીઇ કોમ્પ્યુ. એમબીએ	૧૩-૭-૯૩	૧.૧૦ લાખ	આર.સી.	કુંવારા
૫૫૫	બીસીએ,એમએસસી,આઇટી.	૧૬-૪-૯૩	૧૫૦૦૦	આર.સી.	કુંવારા
૫૫૬	માસ્ટર ડીગ્રી ઇલેક્ટ્રોનીક્સ કોમ્પ્યુ.	૭-૮-૯૨	૪૭૦૦૦	આર.સી.	કુંવારા
૫૫૮	એમએસડબલ્યુ.	૨૦-૮-૯૨	૩૨૦૦૦	આર.સી.	કુંવારા
૫૫૯	એસએસડબ્લુય. મ્યુઝીક ડીપ્લો.	૧૫--૧-૮૯	૩૦૦૦૦	આર.સી.	કુંવારા
૮૫૫	બીકોમ,એમએસ ઓફિસ	૧૧-૧૨-૮૬	૨૦૦૦૦	સીએનઆઇ	કુંવારા
૮૫૬	ધો.૧૦,કોમ્પ્યુ. હાર્ડવેર એન્ડ નેટવર્કીંગ	૧૫-૩-૯૫	૧૩૦૦૦	સીએનઆઇ	કુંવારા
૮૫૭	પીટીસી,એમ.કોમ	૩૦-૫-૮૯	૩૭૦૦૦	સા.આર્મી.	કુંવારા
૮૫૯	એમ.કોમ.પીજીડીસીએ	૨૧-૬-૮૬	૪૫૦૦૦	મેથો.	કુંવારા
૮૬૧	એમબીએ	૧૩-૧૧-૮૯	૨૦૫૦૦	આર.સી.	કુંવારા
૩૫૯	બીએસડબલ્યુ. જીએનએમ	૧-૩-૮૫	૩૧૧૪૦	આર.સી.	છુટાછેડા
૩૩૦	બીસીએ,બીએસસી નર્સીંગ	૨૧-૯-૮૫	૭૦૦૦૦	મેથો.	છુટાછેડા
૩૬૧	એમએસસી.આઇટી	૧૩-૭-૮૧	૧૫૦૦૦	મેથો.	છુટાછેડા
૩૬૨	એસએસડબલ્યુ	૧૯-૮-૯૧	૩૦૦૦૦	સીએનઆઇ	છુટાછેડા
૩૬૩	કોમર્સ ગ્રેજ્યુએટ	૨૦-૮-૭૮	૩૦૦૦૦	સા.આર્મી	છુટાછેડા
૩૬૬	એમ.બી.એ.(ઓસ્ટ્રેલીયા)	૨૮-૨-૮૫	૪૦૦૦૦	આર.સી.	છુટાછેડા
૩૬૭	એમ.એસ.સી(કેમેસ્ટ્રી)	૨૦-૪-૮૪	૭૦૦૦૦	આર.સી.	છુટાછેડા

★ યુવતીઓ (૩૮) ★

૭૭	બાયોટેક નર્સીંગ (કેનેડા)	૧-૫-૯૨	૨ લાખ	સીએનઆઇ	કુંવારી
૭૮	ડો. ફીઝીયોથેરાપીસ્ટ(ઓસ્ટ્રેલીયા)	૧૦-૧-૯૩	૬૦૦૦ ડોલર	આર.સી.	કુંવારી
૭૯	આર્કીટેક્ચર ડીપ્લો.હોટલ મેનેજ.(ઓસ્ટ્રેલીયા)	૧૭-૯-૯૪	-	સીએનઆઇ	કુંવારી
૩૭	બીઇ કોમ્પ્યુ.એન્જી.(અમેરીકા)	૨-૬-૮૬	૨ લાખ	આર.સી.	કુંવારી
૫૧	ડો. ફીઝીયોથેરાપી.(કેનેડા)	૨૭-૨-૯૦	-	સીએનઆઇ	કુંવારી
૨૪	ડો. ફીઝીયોથેરાપી(ન્યુઝીલેન્ડ)	૧૬-૯-૮૭	૧ લાખ	આઇ.પી.	વિધવા
૫૫૨	બીએસસી નર્સીંગ	૯-૧-૯૮	-	સીએનઆઇ	કુંવારી
૫૫૩	એમ.કોમ.(ઇ.મીડી)આઇઇએસટીસેએસ	૨૧-૯-૮૯	૩૫૦૦૦	આર.સી.	કુંવારી
૫૫૪	એમએસસી નર્સીંગ	૯-૧-૮૬	૨૦૦૦૦	અલાયન્સ	કુંવારી
૫૫૫	બીઇ(ઇસી)એન્જી.	૧૬-૧૨-૯૩	૧૬૦૦૦	આર.સી.	કુંવારી
૫૫૬	જીએનએમ.	૧૧-૨-૯૫	૧૦૦૦૦	સા.આર્મી.	કુંવારી
૫૫૭	બીકોમ. એમબીએ	૩-૧-૯૩	૧૮૦૦૦	આર.સી.	કુંવારી
૫૫૮	માસ્ટર ડીગ્રી સ્ટેટેસ્ટીક	૨૬-૧૦-૯૧	૩૦૦૦૦	આર.સી.	કુંવારી
૫૪૮	બીઇ આઇટી એન્જી.	૯-૫-૯૨	૪૦૦૦૦	મેથો.	કુંવારી
૫૪૪	માસ્ટર ઓફ લેબર વેલ્ફેર.(ગોવાનીસ)	૩૦-૯-૯૧	૨૫૦૦૦	આર.સી.	કુંવારી
૫૩૧	જીએનએમ	૨૪-૨-૯૪	૩૧૫૦૦	મેથો.	કુંવારી
૪૦૫	બીએ. જીએનએમ	૧-૫-૮૩	૧૨૦૦૦	બેરશેબા	કુંવારી
૪૭૬	એમએસસી(નેનો સાયંસ ટેકનો.)	૨૪-૨-૮૩	૨૫૦૦૦	આર.સી.	કુંવારી
૪૯૧	બીઇ(ઁઆઇટી.એમ.ઇ.(કોમ્પ્યુ. સાયંસ)	૪-૫-૮૯	૩૦૦૦૦	આર.સી.	કુંવારી
૫૦૨	બીઇ.(આઇટી)એન્જી.	૪-૧૦-૮૯	૭૦૦૦૦	આર.સી.	કુંવારી
૫૬૫	૧૨ નાપાસ	૩-૨-૮૬	૮૦૦૦	સીએનઆઇ	કુંવારી
૫૬૬	પીટીસી.એમએ બીએડ	૨૯-૭-૯૦	૧૫૦૦૦	આર.સી.	કુંવારી
૫૬૭	પીટીસી એમ.એ બીએડ	૮-૯-૮૮	૧૦૦૦૦	મેથો.	કુંવારી
૪૨૫	પીટીસી	૨૫-૯-૮૯	૮૦૦૦	આર.સી.	કુંવારી
૪૭૬	ધો. ૧૦	૯-૯-૯૧	૬૦૦૦	આર.સી.	કુંવારી
૨૦૯	એનએનએમ	૭--૪-૯૩	-	આર.સી.	છુટાછેડા
૨૧૦	એમકોમ.બીએડ.	૯-૧-૮૦	૪૦૦૦૦	આર.સી.	છુટાછેડા

ડાયરેકટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,

પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઇપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઇન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

અસહિષ્ણુતા, આર્થિક મંદી, કોરોના અંગે ડો. મનમોહનસિંહ,પુર્વ વડાપ્રધાનની સરકારને ચેતવણી



ભારત સામે હાલ સામાજિક અસહિષ્ણુતા, આર્થિક મંદી અને વૈશ્વિક રોગચાળો કોરોના વાઇરસ જેવા ત્રણ સંકટોનો ખતરો સર્જાયો છે. તેવી ચેતવણી પુર્વ પીએમ અને કોગ્રેસના નેતા મનમોહનસિંહે સરકાર સમક્ષ ઉચ્ચારી છે. અને ત્રણેય દુષણોથી સાવધ રહેવા સરકારને તાકીદ કરી હતી. આ ત્રણેય દુષણો ભારતના આત્મા પરજ કુઠારાઘાત નહીં કરે પ ણ વિશ્વમાં આર્થિક તેમજ લાકશાહી મહાસત્તા તરીકે ઊભરી આવવા આપણા વૈશ્વીક પ્રયાસોને હાનિ પહોચાડશે તેમ કહ્યુ હતું.એક અંગ્રેજી અખબારમાં પ્રસિધ્ધ થયેલા લેખમાં સિહં દિલ્હીના તોફાનો, સાંપ્રદાયિક તંગદીલી તેમજ ધાર્મિક અસહિષ્ણુતાની આગ માટે રાજકીય નેતાઓ સહિત સમાજના અનિચ્છનીય તત્વોને દોષિત ઠેરવ્યા હતા.

દેશમાં હાલની હિંસાને યોગ્ય ઠેરવવા માટે ભારતના ઇતિહાસમાં ભુતકાળમાં થયેલી હિંસાના ઉદાહરણો આપવામાં આવે છે. જે ઉચિત નથી. દરેક પ્રકારની સાંપ્રદાયિક હિંસા મહાત્મા ગાંધીના ભારત પર કાળો ડાઘ છે. થોડાક વર્ષોમાંજ ભારત આર્થિક ઉદારીકરણ અને લોકશાહી ઢબે આર્થિક વિકાસનું એક વૈશ્વિક મોડલ બનવાના માર્ગ પરથી ઝડપથી લપસી ગયું છે. આખા દેશમાં આર્થિક નિરાશા વ્યાપી ગઇ છે. દેશની ઇકોનોમી ડામાડોળ છે અને લથડી ગઇ છે. ત્યારે આ પ્રકારની સામાજિક અશાંતિ મંદીને વધુ વકરાવશે તેવી ચેતવણી સિંહે ઉચ્ચારી હતી. રોકાણકારો,ઊદ્યોગપતિઓ અને ઉદ્યોગ સાહસિકો નવા પ્રોજેકટ હાથ ધરવા તૈયાર નથી. જોખમો ઉઠાવવાની ક્ષમતા તેઓ ગુમાવી ચુક્યા છે.

સિંહે કહ્યુ કે યુનીવરસીટી કેમ્પસ,જાહેર સ્થળો તેમજ ખાનગી મકાનો કોમી હિંસાના ઉદ્‌ગમ સ્થાન બની ગયા છે. ભારતના ઇતિહાસમાં આ કાળા અક્ષરે લખાનારો સમય ચે. નાગરિકોના રક્ષણ માટે કોર્ટ અને પોલીસ તેમનો રાજધર્મ ભુલી ગયા છે. ન્યાયતંત્ર અને સમાજની ચોથી જાગીર એવું મીડીયા પણ તેની ફરજો અદા કરવામાં નિષ્ફળ ગયા છે.

નવક્રાન્તિ સાપ્તાહિકની માલિકી અને તે અંગેની વિગત

માહિતી : ફોર્મ નં.૪(જુઓ,રૂલ નં.૮)

૧.પ્રકાશન સ્થળ	: ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટીકોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭
૨.પ્રકાશનની સામાયિકતા	: સાપ્તાહિક
૩.માલિક,મુદ્રક,પ્રકાશક	: રોબિન જે. ધોળકીયા
નાગરીકતા	: ભારતીય
સરનામુ	: ૨-૧૦,સોનિયા એપાર્ટ, પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭
૪.તંત્રીનુ નામ	: રોબિન જે.ધોળકીયા
નાગરીકતા	: ભારતીય
સરનામુ	: ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭

હું રોબિન જે. ધોળકીયા, આથી જાહેર કરુ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ મુજબ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે.

તા.૨૧-૩-૨૦૨૦ રોબિન જે.ધોળકીયા
સ્થળ:અમદાવાદ. માલિક,મુદ્રક,પ્રકાશક અને તંત્રી.

કોરોના વાયરસના પગલે વડાપ્રધાન મોદીનો બાંગલાદેશનો પ્રવાસ મુલતવી :દિલ્હીની કોમી હિંસાના મામલે એરપોર્ટ પર મોદીના આગમન વખતે દેખાવો કરવાની બંગલાદેશીઓની ધમકીને કારણે કાર્યક્રમ રદની જાહેરાત કરાઇ

દેશની રાજધાની દિલ્હી ખાતે ૨૪ ફેબ્રુઆરી થી ૨૬ ફેબ્રુઆરી વચ્ચે થયેલા કોમી તોફાનો પચી બાંગલા દેશમાં વડાપ્રધાન મોદી વિરોધી દેખાવો યોજાઇ રહ્યા છે. શુક્રવારે જુમ્માની નમાજ પછી હજારો લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. અને મોદીનો બાંગલાદેશ મુલાકાત કાર્યક્રમ રદ કરવાની માંગણી કરી હતી. બાંગલાદેશના રાષ્ટ્રપિતા મુજીબર્રહેમાનની ૧૦૦મી જયંતીની ઉજવણી પ્રસંગે આયોજિત સમારંભમાં ભાગ લેવા મોદી બાંગલાદેશ જવાના હતા.વડાપ્રધાન મોદીને મુખ્ય અતિથિ તરીકે નિમત્રણ આપવામાં આવ્યુ હતું. કોરોના વાઇરસને કારણે મોદીનો કાર્યક્રમ રદ થાય તેવી સંભાવના હતી ત્યારે દેખાવકારોની માંગણી કરી રહ્યા હતા કે આ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ભારતના વડાપ્રધાન મોદીનું આમંત્રણ પાછુ ખેચી લેવામાં આવે.સંજોગોને લઇને ભારત તરફી જાહેરાત કરી દેવાઇ હતી કે વડાપ્રધાન મોદી બાંગલા દેશના પ્રવાસે જશે નહીં.

શેર બજાર તુટી પડ્યુ : સન્સેક્સમાં ઐતિહાસિક ગાબડુ,ક્રુડમાં કડાકો : રોકાણકારોની સંપત્તિમાં એકજ દિવસમાં રુ.સાત લાખ કરોડથી વધુનો ઘટાડો

ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડા સાથે કોરોના વાઇરસ,યશ બેન્કનું કૌભાંડ દેશના શેરબજારો પર બુલડોઝરની માફક ફરી વળ્યું.સેન્સેક્સ એક જ દિવસમાં ઇન્ટ્રા ડે ૨૪૬૭ પોઇન્ટનો ઐતિહાસિક કડાકો જોવા મળ્યો હતો. ચારેબાજુ વેચવાલીને કારણે શેરબજારમાં બ્લેક મન્ડેનો બ્લેકબાથ સર્જાયો હતો.રોકાણકારોની સંપત્તિમાં એક જ દિવસમાં રુ.સાત લાખ કરોડથી વધુનું ધોવાણ થયું હતું. ક્રુડ ઓઇલના ભાવમાં વિશ્વબજારમાં ૩૧ ટકાનો ઘટાડો થતાં તેમજ વૈશ્વિક શેરબજારોમાં ઘટાડાને પગલે બજારનું સેન્ટીમેટ ખરડાયું હતું. જો કે પાછળથી સેન્સેક્સમાં રિકવરી જોવા મળી હતી. સેન્સેક્સમાં મુંબઇ શેરબજારના ૧૪૫ વર્ષના ઇતિહાસમા એકજ દિવસમાં ૨૪૬૭ પોઇન્ટનું ગાબડુ જોવા મળ્યું હતું.

કોરોના વાઇરસનો આખા વિશ્વમાં ફેલાવો તેમજ એપ્રિલ પછી સાઉદી અરેબિયાએ ક્રુડના ઉત્પાદનમાં વધારો કરવાનો નિર્ણય લઇને પ્રાઇસ વોર છેડતાં વિશ્વ બજારમાં ક્રુડના ભાવમાં ૩૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.૧૯૯૧ માં ખાડી યુધ્ધ પછીનો આ મોટામાં મોટો ઘટાડો હતો.ક્રુડના ઉત્પાદન કરતાં ઓપેક દેશો વચ્ચે ઉત્પાદનમાં કાપ મુકવા સંમતિ અપાઇ ન હતી.આ ઉપરાંત રશિયા પણ ઉત્પાદનમાં ઘટાડો નહીં કરવાનું વલણ અપનાવ્યુ હતું.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

જાણવા જેવું

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્ક્રીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઇ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

યશ બેન્કના મની લોન્ડરીંગ કેસમાં સપડાયેલા સંસ્થાપક રાણા કપુરનો મુંબઇમાં આલીશાન મહેલ

મની લોન્ડરીંગ કેસમાં પકડાયેલા યસ બેન્કના સંસ્થાપક રાણા કપુર તેમની ભવ્ય રહેણીકરણી માટે પ્રખ્યાત બન્યા છે. તેમણે દક્ષિણ મુંબઇમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના માલિક મુકેશ અંબાણીના એન્ટિલિયા મહેલની બાજુમાં ૨૦૧૮માં ૧૨૮ કરોડના ખર્ચે જમીન ખરીદી હતી.અલ્ટામાઉન્ટ રોડ પર આ જમીનની માલિકી સીટી ગ્રુપ પાસે હતી. આ જમીન ઉપર ૪૪ અબજ રુપીયાના ખર્ચે બંગલો બનાવવામાં આવ્યો હતો. એન્ટલીયા પાસે હોવાથી એની ચર્ચા ઓછી થાય છે. પણ દુનિયાના સૌથી મોઘા ૧૦ ઘરોમાં એને સમાવેશ થાય છે. આ બંગલો જ્યાં છે એ સૌથી મોઘો વિસ્તાર છે. અને આ વિસ્તારમાં ભારતના સૌથી અમીર બિઝનેસમેનો રહે છે. જેમાં કુમારમંગલમ બિરલાનો પણ સમાવેશ થાય છે. આ બંગલાની જમીન રાણા કપુરે તેમની પત્ની બિંદુ અને એક પ્રાઇવેટ કંપનીના નામે ખરીદી છે. મે નહીં. આ પ્રોપર્ટી ખરીદવા માટે એક વર્ષ સુધી દક્ષિણ મુંબઇમાં જમીનની તપાસ કરાઇ હતી. આ બંગલાનો કુલ બિલ્ટ અપ એરીયા ૧૪,૮૦૦ વર્ગ ફુટ છે. આ ઉપરાતં વિદેશોમાં પણ તેમની મોટી મોઘી મિલકતો છે.સરકારી અધિકારીઓ ક્યારે આવી ભવ્યતાની તપાસ કરતા નથી.

ખ્રિસ્તી હોસ્પીટલમાં હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા તોડફોડ અને ખ્રિસ્તી કર્મચારીઓની ધરપકડ

મંદ્યા ખાતે આવેલી ક્રિશ્ચિયન હોસ્પીટલમાં કેટલાક હિંદુ કટ્ટરવાદીઓએ તોડફોડ કરી હતી અને ત્યાંના પબ્લીક રીલેશન ઓફીસરસ અને સ્ટાફ નર્સને માર માર્યો હતો. પોલીસ બોલાવાઇ હતી પરંતુ તેમણે કટ્ટરવાદીઓનો પક્ષ લઇને બેઉ સ્ટાફને કસ્ટડીમાં લઇ લીધા હતા.

સંજો હોસ્પીટલમાં એક હિંદુ દર્દી દાખલ થયો હતો જેને હાઇ બ્લડ પ્રેશરની ફરિયાદ હતી. ત્યાં દર્દી દાખલ કરાયો તે રુમમાં બાયબલ પડેલું હતું તે બાબતે સીમોન જયોર્જને જેઓ પીઆરઓ છે તેમની ઉલટ તપાસ કરાઇ હતી.સીમોને તેમને જવાબ આપ્યો હતો કે જો તમને એમાં રસ હોય તો તમે તે વાંચી શકો છો. બીજા દિવસે દર્દીને રજા અપાયા બાદ આરએસએસનું એક ટોળું હોસ્પીટલમાં ધસી આવ્યુ હતું અને તોડફોડ કરી હતી.હાજર પીઆરઓ અને સીસ્ટર ઉપર હુમલો કરાયો હતો.સ્થાનિક પોલીસ બોલાવાઇ તો તેમણે હોસ્પીટલના ખ્રિસ્તી સ્ટાફને કસ્ટડીમાં લીધા હતા.કટ્ટરવાદીઓના ટોળા ઉપર કામગીરી કરવાને બદલે હોસ્પીટલના સ્ટાફ સામે કાર્યવાહી કરી હતી.

યશ બેન્કના ખાતાધારકોના નાણાં સુરક્ષિત : નાણાંમંત્રી નિર્મલા સીતારામન

નાણાં મંત્રી નિર્મલા સીતારામને યશ બેન્કને આર્થિક સંકટમાંથી બચાવવાના સંદર્ભમાં જણાવ્યુ હતું કે સરકાર તેમજ આરબીઆઇ સંયુક્ત રીતે આ દિશામાં કામ કરી રહી છે. નાણાં મંત્રીએ યશ બેન્કના દરેક ખાતા ધારકોને વિશ્વાસ અપાવતાં કહ્યુ હતું કે તેમના નાણાં સુરક્ષિત છે.સરકાર વહેલી તકે આનો ઉકેલ લાવવા પ્રયત્નશીલ છે. પાછલા બે મહિનાથી તેઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.હાલમાં લેવાયેલો નિર્ણય તમામના હિતમાં છે.

વિકાસની ડીંગો હાંકતી સરકાર તેના લોકોને પીવાના શુધ્ધ પાણી પણ આપી શકતી નથી : છેલ્લા બે વર્ષમાં પાણીના ૫૫ હજાર નમુના બિનપ્રમાણિત ઠર્યા

રાજ્યમાં તમામ નાગરિકોને પીવાનું શુધ્ધ પાણી પુરુ પાડવામાં આવે છે તેવા સરકારના દાવા વચ્ચે છેલ્લા બે વર્ષમાં રાજ્યભરમાં જે પીવાના પાણીના નમુના લેવાયા હતા તેમાંથી ૫૫,૨૭૨ નમુના બિનપ્રમાણિત નિકળ્યા હોવાની માહીતી વિધાનસભામાં આપવામાં આવી હતી.હજજારોની સંખ્યામાં પીવાના પાણીના નમુના ફેલ જતાં કોગ્રેસ દ્વારા સરકારની આકરી ટીકા કરાઇ હતી.ટીકા કરતાં કહેવાયું હતું કે મંત્રીઓ એસી ચેમ્બરમાં બેસીને મિનસલ વોટરની બાટલીઓ પીવે છે. અને નાગરિકોને પીવાનુ શુધ્ધ પાણી ન અપાતાં પાણી જન્ય રોગોથી પીડાવુ પડે છે.જે વિસ્તારના બાળકોમાં કુપોષણનું પ્રમાણ વધુ હોવાના કારણે શુદ્ધ પીવાના પાણીની સૌથી વધુ જરુર છે તેવા દાહોદ જિલ્લામાં સૌથી વધુ ૧૧,૭૭૭ નમુના બિન પ્રમાણિત થયા છે.

કોગ્રેસના સભ્યો દ્વારા વિધાનસભામાં પીવાના પાણીના નમુનાઓની ચકાસણી અંગે વિવિધ જિલ્લાની માહીતી માંગતા સવાલ પુછાયા હતા. જેના લેખિત જવાબમાં પાણી પુરવઠા વિભાગે જણાવ્યુ હતું કે કુલ ૫૫,૨૭૨ નમુના બિનપ્રમાણિત થયા છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર,રાજકોટ સહિત તમામ જિલ્લાઓનો સમાવેશ થાય છે. કોગ્રેસ દ્વારા આ મુદ્દાને ગંભીર ગણાવીને સરકારની આકરી ટીકા કરી હતી.જો આટલી મોટી સંખ્યામાં નમુના બિન પ્રમાણિત નીકળે તો એનો અર્થ એવો થાય છે કે પાણી પીવા લાયક નથી.મંત્રીઓ જેઓ મીનરલ વોટર જ પીવે છે તેમને શુધ્ધ પાણીની ખબર શું પડે.ગાંધીનગરમાં જ ૨૪૧ નમુના બિનપ્રમાણિત થયા છે.

પાણી પુરવઠા વિભાગે બિન પ્રમાણિત વિસ્તારમાં પાણીની ગુણવત્તા સુધારવા માટે લેખિત જવાબમાં જણાવ્યુ હતું કે આ નમુના સ્થાનિક સોર્સના છે. સરકારના અભિગમ મુજબ આ તમામ વિસ્તારોને સરફેસ સોર્સ આધારીત જુથ યોજનામાં આવરી લેવાયા છે.

કાર ભાડે મળશે

લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે

મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગોજેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ. એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.